# Telephonic Conversation between PM and Crown Prince of Abu Dhabi

March 26, 2020

## વડાપ્રધાન અને અબુ ધાબીનાં ક્રાઉન પ્રિન્સ વચ્ચે ટેલીફોન પર વાતચીત

માર્ચ 26, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અબુ ધાબીનાં ક્રાઉન પ્રિન્સ મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે ટેલીફોન પર વાત કરી હતી.

બન્ને આગેવાનોએ ચાલું કોવિડ-19 મહામારી, તેઓનાં સંબંધિત દેશોમાં પરિસ્થિતિ, અને તેઓની સરકારો દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓ પર માહિતી અને દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓ સંમત થયા હતા કે વાઈરસનાં ફેલાવાને નિયંત્રણમાં લેવા માટે આગામી કેટલાક સપ્તાહ અતિ મહત્વપૂર્ણ સાબિત થશે, અને તમામ દેશોએ સંગઠિત અને સંકલિત પ્રયાસો કરવાની જરૂર પડશે. આ સંદર્ભમાં, મહામારી પર ચર્ચા કરવા આજે અગાઉ જી20 આગેવાનો વચ્ચે યોજાયેલા વર્ચ્યુઅલ શિખર સંમેલનની પ્રશંસા કરી હતી.

બન્ને આગેવાનોએ તેઓ જોડાયેલા છે તેવા દ્વિપક્ષીય સંબંધની તાકાત અને સમૃદ્ધતાની અગત્યતા પર ભાર મૂક્યો હતો. તેઓએ વર્તમાન પરિસ્થિતિમાં તેઓનાં અધિકારીઓ વચ્ચે નિયમિત પરામર્શો જાળવી રાખવા માટે સંમતિ દર્શાવી હતી, ખાસ કરીને લોજિસ્ટિકલ સપ્લાય લાઈનો ચાલું રાખવાનું સુનિશ્ચિત કરવા.

મહામહિમ ક્રાઉન પ્રિન્સે યુએઈમાં રહેતા અને તેની અર્થતંત્રમાં યોગદાન આપતા 2 મિલિયનથી વધારે ભારતીયોની સુખાકારી વિશે વડાપ્રધાનને ખાતરી આપી હતી. વડાપ્રધાને વર્તમાન પરિસ્થિતિમાં ત્યાં વસતા ભારતીયોનાં આરોગ્ય અને સુરક્ષા પર વ્યક્તિગત રીતે ધ્યાન આપવા બદલ ક્રાઉન પ્રિન્સનો આભાર માન્યો હતો.

વડાપ્રધાને ક્રાઉન પ્રિન્સ, સમગ્ર રાજવી પરિવાર તથા અમિરાતનાં નાગરિકોનાં સારા આરોગ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ક્રાઉન પ્રિન્સે પણ સામેથી હ્રદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**માર્ચ 26, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.